
ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ...




ભાઈ, અમારાથી સર્વર બંધ થાય તો હોબાળો કરો છો...!! તમે ડ્રાઈવીંગ ટેસ્ટ દરમિયાન ટ્રેક તોડી નાખો છો તો અમે તો તમને કાંઈ નથી કહેતા...!!

# અજાણ્યા વાહને બે પદયાત્રીને કચડ્યા : એકનું મૃત્યુ

**મેઘાણીનગરથી અંબાજી દર્શન કરવા માટે પગપાળા નિકળેલા ચાર મિત્રો પરોઢીયે ભાઈજીપુરા પહોંચ્યા ને અકસ્માત નડ્યો : વાહન સાથે ચાલક રફફુચક્કર**

ગાંધીનગર, તા. ૨૪

અમદાવાદ મેઘાણીનગરથી ચાર મિત્રો ગઈ મોડી સાંજે અંબાજી દર્શન કરવા પગપાળા નીકળ્યા હતા. પરોઢીયે ગાંધીનગર-ઈન્દીરાબ્રીજ માર્ગ પર સ્થિત ભાઈજીપુરા પાસે ચારેય પહોંચ્યા ત્યારે બેફામ ગતિએ નિકળેલા એક અજાણ્યા વાહને બે પદયાત્રીઓને અડફેટે લઈ લીધા હતા. જેમાં એકનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે બીજા પદયાત્રીની હાલત ગંભીર જણાતા અમદાવાદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

મેઘાણીનગરથી ચાર મિત્રો વાલજીભાઈ માવજીભાઈ મુછડીયા, અમરદીપભાઈ મોતીરામ કઠાની, દીલીપભાઈ છગનભાઈ ચાવડા અને કાંતિભાઈ વાલજીભાઈ ચૌહાણ ગઈ મોડી સાંજે નવેક વાગે ઘરેથી અંબાજી દર્શન કરવા પગપાળા જવા નીકળ્યા હતા. આશરે પરોઢીયે પોણા ચાર વાગ્ય ચારેય પદયાત્રી મિત્રો ભઈજીપુરા પીટીયા પાસે પહોંચ્યા ત્યાં બેફામ ગતિએ નિકળેલા એક અજાણ્યા વાહને બે પદયાત્રી મિત્રો દિલીપભાઈ ચાવડા અને કાંતિભાઈ ચૌહાણને અડફેટે લઈ લીધા હતા. કોને વાગ્યુ કે શું થયું તે કાંઈ જ જોવાની તસ્દી પણ લીધા વિના તે વાહનચાલક તે જ ગતિએ રફફુચક્કર થઈ ગયો હતો. તો બીજી તરફ ગંભીર રીતે ઘવાયેલા કાંતિભાઈ ચૌહાણનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે દિલીપભાઈને ગંભીર હાલતમાં અમદાવાદની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પોલીસે વાલજીભાઈની ફરીયાદને આધારે ગુનો નોંધી અજાણ્યો ડ્રાઈવર કોણ હતો તેને શોધવા તજવીજ શરૂ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગતિશીલ ગુજરાત અંતર્ગત વિવિધ વિભાગોએ કરેલ કામગીરીની સમીક્ષા જિલ્લા કલેક્ટરે શરૂ કરી છે.

● આજે રાજ્ય સરકાર દ્વારા બિન અનામત વર્ગ માટેના આર્થિક પેકેજની જાહેરાત વખતે નાસ્તો ખુટી પડતાં તેના મેનુમાં વારંવાર ફેરફાર જોવા મળ્યા હતા.

● રાજયના વાહન-વ્યવહાર મંત્રીશ્રી વિજય રૂપાણીએ પેકેજને આવકારતાં જણાવ્યું હતું કે સામાજિક સમરસતાને સાચા અર્થમાં ચરિતાર્થ કરતુ આ પેકેજ સૌને માટે મનભાવક છે.

● જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર સોમવારે સિવિલ હોસ્પિટલની મુલાકાતે જશે તેમ જાણવા મળેલ છે.

● ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન પરબતપુરા ખાતે ૨૮-૨૯ના રોજ યોજાશે.

● પૂર્વ સાંસદ અને ગ્રંથ નિર્માણ બોર્ડના ચેરમેન ભાવનાબેન દવેને આંગળીઓ પર થયેલી ઈજાને કારણે પાટો બાંધવો પડ્યો છે.

# માણસાના ચોલૈયા ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

## રેડક્રોસ સોસાયટી તથા અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજનું સંયુક્ત આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા તથા અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭મી સપ્ટેમ્બરે માણસા તાલુકાના ચોલૈયા ખાતે સરકારી પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેડીકલ ચેકઅપ કેમ્પ સવારના ૯ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે.

નિઃશુલ્ક મેડીકલ ચેકઅપ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા સેવાઓ આપવામાં આવશે. મસા અને ભગંદરના નિષ્ણાંત ડૉ. એકતાબેન પટેલ, આંખના નિષ્ણાંત ડૉ. રમેશભાઈ પટેલ, ચામડી અને વાળના નિષ્ણાંત ડૉ. વિશાલ પટેલ, હાડકાના નિષ્ણાંત ડૉ. કાન્તિભાઈ પટેલ, સ્ત્રી રોગના નિષ્ણાંત ડૉ. સુરેશભાઈ ગોસ્વામી તથા દાંતના નિષ્ણાંત ડૉ. સતીષભાઈ પટેલ દ્વારા આ મેડીકલ કેમ્પમાં સેવાઓ પુરી પાડવામાં આવશે. મેડીકલ ચેકઅપ કેમ્પનો લાભ લેવા રેડક્રોસ સોસાયટી તથા અશ્વિનભાઈ કોમર્સ કોલેજ દ્વારા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## બલરામ ભવન ખાતે સ્વાસ્થ્ય ક્રાંતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ બલરામ ભવન ખાતે તાજેતરમાં સજીવ ખેતી કરતાં ખેડુતો અને તજજ્ઞોની બેઠક 'સ્વાસ્થ્ય ક્રાંતિ નેચરલ્સ'ના નેજા હેઠળ યોજાઈ હતી. આ પ્રસંગે સજીવ ખેતીમાં રસ ધરાવતા ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

બલરામ ભવન સે-૧૨ ખાતે યોજાયેલ બેઠકમાં પ્રજાની સુખાકારીની ચિંતા અને નિવારણ માટે દેશી ગાય આધારીત સજીવ ખેતીના ઉત્પાદનો અને તેના નિવારણોના આયોજન અંગે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. બેઠકમાં સજીવ ખેતીના તજજ્ઞોમાં મધ્યપ્રદેશથી આવેલા ડૉ. માલપાની, જતન સંસ્થાના કપીલભાઈએ ખાસ ઉપસ્થિત રહી હાજર ખેડુતોને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર રાજય સહિત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના સજીવ ખેતીમાં રસ ધરાવતા ખેડૂતો હાજર રહ્યા હતા. આ અંગે વધુ માહિતી માટે મો. ૯૯૨૫૯ ૬૧૩૫૫, ૯૯૨૫૨ ૩૪૭૭૯, ૯૯૨૫૦ ૪૪૮૧૫૨ સંપર્ક કરવા જણાવાયું છે.

# અડાલજ શનિ મંદિરના પુજારીનો મોબાઈલ ફોન ચોરાયો

**૩૧ હજારની કિંમતનો સેમસંગ એસ-૪ ફોન ચાર્જીંગ કરવા મુક્યો હતો ત્યારે કોઈ ગઠિયો ઉઠાવી ગયો : સીસીટીવી કેમેરાના બદલાયેલા લોકેશનનો લાભ લઈ છુમંતર**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની નજીક અડાલજ ખાતેના શનિ મંદિરના મહારાજ હિરેનભાઈનો રૂ. ૩૧ હજારનો સેમસંગ એસ-૪ મોબાઈલ ફોન મંદિરમાંથી ચોરાઈ જવા પામ્યો છે. આ અંગેની પોલીસ ફરિયાદ તેમણે અડાલજ પોલીસ સ્ટેશને નોંધાવી છે.

થોડા દિવસ પૂર્વે હિરેનભાઈએ તેમનો મોબાઈલ ફોન મંદિરમાં ચાર્જીંગમાં મુક્યો હતો અને તેઓ રૂટિન કાર્યોમાં વ્યસ્ત બન્યા હતા. આ સમયે કોઈ દર્શનાર્થી કે અન્ય ઈસમે ફોન ચોરી લીધો હતો. આમ તો મંદિરમાં સીસીટીવી કેમેરા લગાડેલા છે પરંતુ એક કેમેરો બગડ્યો હોવાથી મોબાઈલ ફોન જ્યાં ચાર્જીંગમાં મુક્યો હતો તે લોકેશન ધરાવતા કેમેરાને અન્ય દિશા તરફ ડાયવર્ટ કરાયેલો હતો. શક્ય છે કે આ પરિસ્થિતિની જાણ મોબાઈલ ફોન ચોરનારને હોય અને તેનો લાભ ઉઠાવી ફોનની ચોરી કરી હોય. હિરેનભાઈ મોબાઈલ ન મળતા તુરંત જ પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ઘસી ગયા હતા. પરંતુ લગભગ એકાદ પખવાડિયા જેટલી રાહ જોયા પછી તેમની ફરિયાદ ગ્રાહ્ય રાખી હતી. ભગવાનના પુજારીનો જ મોબાઈલ ચોરાતા હવે મંદિરમાં પણ દર્શન કરતા પોતાના કિંમતી ચીજવસ્તુઓ સંભાળીને રાખવા બાબતે શ્રદ્ધાળુઓ સજાગ બન્યા છે.

# નગરના યુવાનોનું લાઈસન્સ વગર જ ધૂમ-બાઈકીંગ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના અભ્યાસ કરતા નાની ઉંમરના વિદ્યાર્થીઓ ફૂલ સ્પીડે વાહન ચલાવી ધૂમ મચાવી રહ્યા છે. નગરની વિવિધ શાળાઓની બહાર વાહનોનો ખડકલો જોવા મળે છે. શાળા સંચાલકો વિદ્યાર્થીઓ ટુ વ્હીલર સાધનો લઈને આવે છે. છતાં આંખ આડા કાન કરે છે. લાઈસન્સ વગર વાહનો હંકારતા વિદ્યાર્થીઓ અકસ્માત નોતરે છે. માતા-પિતાએ પણ પોતાના વ્હાલસોયા બાળકોને નાની ઉંમરે વાહન ચલાવવા માટે ન આપવું જોઈએ. પોલીસતંત્રએ પણ આવા લબરમુંછીયા યુવાનો સામે વાહન ડીટેઈન કરી દંડનીય કાર્યવાહીનું શસ્ત્ર ઉગામવું જોઈએ તેવું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

નગરમાં દિવસ દરમિયાન યુવા વિદ્યાર્થીઓ ફુલ સ્પીડે વાહન હંકારતા નજરે પડે છે. મોટાભાગે શાળા કોલેજોમાં ટુ વ્હીલર લઈને શહેરના બાળકો જાય છે. તંત્રએ શાળા સંચાલકોને વિદ્યાર્થીઓ વાહન લઈને ન પ્રવેશે તે તકેદારી રાખવાનું સૂચન કર્યું છે. છતાં પણ શાળા સંચાલકો તેમની શાળાએ આવતા વિદ્યાર્થીઓ પર કોઈપણ જાતની કાર્યવાહી કરતા નથી. શહેરની વિવિધ શાળાઓમાં સેંકડો ટુ વ્હીલરો લઈને વગર લાઈસન્સ આવન-જાવન કરે છે. માતા-પિતા બાળકને સુવિધા માટે વાહન અપાવે છે. પરંતુ બાળકો માતા-પિતાની આ લાગણીને સમજતા નથી. અને માર્ગો પર ફુલ સ્પીડે અવનવા સ્ટંટ કરતા નજરે ચડે છે.

શહેર પોલીસ તંત્રએ પણ નગરમાં વગર લાઈસન્સે વાહનો હંકારતા વિદ્યાર્થીઓને ઝડપી વાહન ડિટેઈન કરી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. ધૂમ સ્ટાઈલે વાહનો હંકારતા વિદ્યાર્થીઓ અકસ્માત નોંતરે છે. ત્યારે પોતે પણ ઈજાગ્રસ્ત બને છે અને અન્ય વ્યક્તિને પણ ઈજા પહોંચાડે છે. માતા-પિતાએ પણ લાઈસન્સ વગર વાહન અપાવી બાળકોને પ્રોત્સાહન આપવાની જરૂર નથી. નહિ તો પાછળથી આંસુ સારવાનો વારો આવે છે.

# પરિણિતાને શારિરીક માનસિક ત્રાસ આપવાના કેસમાં પતિને એક વર્ષની સજા

## ૫ હજારનો દંડ ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો

ગાંધીનગર તા ૨૪

પરિણિતાને શારિરીક માનસિક ત્રાસ આપવાના કેસમાં ગાંધીનગર કોર્ટે તેણીના પતિને એક વર્ષની સાદી કેદની સજાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ ૫ હજારનો દંડ ભોગવવાનો આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ભાટી મિરજ ઉર્ફે મોન્ટુ જગદીશસિંહ તેમજ જશોદાબેનના લગ્ન થયા હતા જયારે તેમનુ લગ્નજીવન એકાદ વર્ષ સુધી યોગ્ય રીતે ચાલ્યુ હતુ. ત્યારબાદ પરિણિતાના પતિ અને સાસુ દ્વારા તેમને અવારનવાર ત્રાસ આપવામાં આવતો હતો. તેણીના સાસરીયાઓ દ્વારા પરિણિતા પાસે પૈસાની માંગણી કરવામાં આવતી હતી. જયારે પરિણિતાએ કંટાળીને તા ૧૩ જુલાઈ વર્ષ ૨૦૦૭ના રોજ ઉધઈ મારવાની દવા પી લીધી હતી. જયારે તેણીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે અડાલજ પોલીસે ગુન્હો નોંધી આ કેસના આરોપીઓ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતુ.

આ કેસ ગાંધીનગરની સેકન્ડ એડી જયુ મે જી કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે મયુરધ્વજસિંહ વાઘેલાએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ એન પી ઉનડકટે આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જયારે આરોપીને રૂ ૫ હજારનો દંડ ચુકવવા પણ આદેશ કર્યો છે.



નગરમાં શ્રદ્ધાળુઓએ ખુબજ ભક્તિભાવ પૂર્વક વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના કરી હતી હવે આ ગણેશજીને વિદાય આપવાનો સમય થતા ભાવિકો તેમને હૃદયમાં શ્રદ્ધા તથા આસ્થા સાથે ભાવપૂર્ણ માહોલમાં વિસર્જીત કર્યા હતા. સેક્ટર-૫માં રહેતા જયશ્રીબેન બેન્કરના પરિવારના સભ્યોએ સ્થાપન કરી હતી. પરિવારના સભ્યો હેતલબેન, રીતુ, રાજુભાઈ, રાજેશ્વરીબેન, સીમ્મી વગેરે પૂજા અર્ચના કરી હતી.

# પસંદગીના નંબરો માટેની રીઓકશનમાં આર.ટી.ઓ.ને ૩૬૨૫૦ની આવક

## ૯૯૯ નંબર માટે ૭૨૯૯ ચુકવાયા જયારે ૧૧૧૧ માટે ૫૫૦૦ની ચુકવણી થઇ

ગાંધીનગર તા ૨૪

આર ટી ઓ કચેરી દ્વારા આજે ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના પસંદગીના નંબરો માટે પુનઃ હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. આ દરમિયાન ૯૯૯ નંબર માટે અરજદારે રૂપિયા ૭૨૯૯ ચુકવ્યા હતા. હરાજીની પ્રક્રીયામાં ૧૦ અરજદારોએ ભાગ લીધો હતો. જયારે આર ટી ઓ કચેરીને રૂપિયા ૩૬૨૫૦ની આવક થઈ હતી.

આર ટી ઓ કચેરી દ્વારા આજે પસંદગીના નંબરો માટે રીઓકશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ટુ વ્હીલરની નવી સીરીઝ જી જે ૧૮ સી એલ માટે હરાજીમાં ૯ અરજદારોએ ભાગ લીધો હતો. જેમાં ૯૯૯ નંબર માટે રૂ ૭૨૯૯ ચુકવાયા હતા. આ ઉપરાંત ૧૧૧૧ માટે રૂ ૫૫૦૦ અને ૭૭૭૭ નંબર માટે ૬૬૦૦ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત ફોર વ્હીલરના નંબરની નવી સીરીઝ જી જે ૧૮ પી ઈ માટે ૨૭૭૨ નંબર મેળવવા માટે અરજદારે રૂપિયા ૧૦ હજાર ચુકવ્યા હતા.પસંદગીના નંબરો માટેની હરાજીની પ્રક્રયાના અંતે આર ટી ઓ કચેરીને રૂ ૩૬૨૫૦ ની આવક થઈ હતી.

# ધોળેશ્વર મહાદેવ પાસે નદીમાં ડુબતા બે યુવાનોને બચાવી લેવાયા

ગાંધીનગર, તા. ૨૪

ગણેશ વિસર્જન દરમ્યાન યુવાનોના નદીમાં ડુબવાના કિસ્સાઓને ધ્યાને લઈને નદી કાંઠે ફાયરબ્રિગેડની ટીમોને સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી છે. ધોળેશ્વર મહાદેવ પાછળ સાબરમતી નદીમાં ગઈ સાંજે એક મિત્રમંડળ ગણેશ વિસર્જન માટે આવ્યું અને તે પૈકીના બે યુવાનોના પગ લપસતા ડુબી રહ્યા હતા. બચાવો...બચાવો.. ની બુમો સાંભળીને ધોળેશ્વર મહાદેવ પાસેના સ્પોટ પર તૈનાત ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે ત્યાં પહોંચીને બંને યુવાનોને ડુબતા બચાવી લીધા હતા.

# ગણેશ વિસર્જનના કૂંડોને બનાવી આસ્થા સાથે રમત

અમદાવાદ, તા. ૨૪

શહેરભરમાં હાલમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે. ત્યારે વિસર્જન સમયે સાબરમતી નદીનું પાણી પ્રદુષિત ન થાય તે માટે મ્યુનિ. કોર્પો દ્વારા ૧૪ કૃત્રિમ કુંડ બનાવાયા છે. પરંતુ ગણેશ વિસર્જનના કુંડ બનાવી શ્રદ્ધાળુઓની આસ્થા સાથે મ્યુનિ. કોર્પોએ રમત રમી છે. મ્યુનિ. તંત્ર દ્વારા બનાવેલા કુંડમાં નદીની જગ્યાએ બોરવેલના પાણી મ્યુનિ.તંત્ર દ્વારા ભરાય છે. મ્યુનિ.કોર્પોરેશન દ્વારા છેલ્લા પાચ વર્ષથી નદી પાસે રિવરફ્રન્ટ ઉપર ખાડો ખોદીને કૃત્રિમ કુંડ બનાવીને તેમાં ગણેશની મૂર્તિનું વિસર્જન કરવાનું આયોજન કરાયું છે. મધ્યઝોનમાં સરદારબ્રિજ પર, એલિસબ્રિજ વાડજ-દુધેશ્વર, શાહીબાગ પિકનીક હાઉસ, સરદારનગર ઈન્દિરાબ્રિજ, કોતરપુર વોટર વર્કસ અને કેમ્પ હનુમાન કુંડ બનાવાયા છે. તેમજ પશ્ચિમઝોનમાં એન.આઈ.ડી., સાહિત્ય પરિષદ સાબરમતી આશ્રમ પાસે, પૂર્વ ઝોનમાં વસ્ત્રાલ દશામાના મંદિર, રામોલમાં વડુ તળાવ પાસે કુંડ બનાવાયા છે.

મ્યુનિ. કોર્પોના મધ્ય ઝોનના એડિશનલ સીટિ ઈજનેર અમિત પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં ૧૪ કુંડ બનાવ્યા છે. જેમાં એક કુંડ પાછળ ૭ થી ૮ વખત પાણી ભરેલા ટેન્કર મોકલવાં પડે છે. એક કુંડમાં આશરે ૩૫થી ૪૦ હજાર લિટર પાણી ઠલવાય છે. રિવરફ્રન્ટ ઉપર દીવાલ બની હોવાના કારણે આ વખતે નદીમાંથી પાણી કુંડમાં ભરવું શક્ય નથી. જેના લીધે બોરના પાણીનો ઉપયોગ થાય છે.

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જાહેરાતને ભાજપ ફૂલડે વધાવે છે

ગાંધીનગર, તા. ૨૪

પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુએ આજ રોજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા શિક્ષણ, સ્વરોજગાર અને સ્વાવલંબનને પ્રોત્સાહક રાજયના યુવાનો માટેની નવી 'મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના' જાહેર કરવા બદલ ગુજરાત સરકારને ભાજપા વતી અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ યોજનાથી ગુજરાતના યુવાનોની આવતીકાલ વધુ ઉજ્જવળ બનશે.

શ્રી ફળદુએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ ચાતરેલા વિકાસના માર્ગને વધુ આગળ ધપાવતા ગતિશીલ ગુજરાતની દિશામાં રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. સૌ સમાજને સાથએ રાખી જનહિતાય ભાજપાની વિચારધારાને અનુરૂપ રાજ્ય સરકારનું નમૂનારૂપ શાસન રહ્યું છે. સમયની માંગને અનુસાર અને ગરીબ, મધ્યમવર્ગ તેમજ સમાજની જરૂરિયાતોને સમજીને રાજ્ય સરકાર દ્વારા રાજ્યના યુવાનોને શિક્ષણની અને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ બને તે હેતુસર આજની યોજના જાહેર કરવામાં આવી છે.

શ્રી ફળદુએ જણાવ્યું હતું કે, સમાજના તમામ અંગોના વિકાસમાં બાધારૂપ બનવાના કેટલાક લોકોના પ્રયત્નોને રાજ્યના પ્રજાજનોએ ફગાવી દીધા છે. આજરોજ રાજ્યના જુદા જુદા સમાજો, કેળવણીકારો, વ્યવસાયકો, અગ્રણીઓ દ્વારા રાજ્ય સરકારને મળેલા સૂચનોને આધારે રાજ્યના વરિષ્ઠ મંત્રીઓની સમંતિએ કરેલી ભલામણોને સ્વીકારીને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે યુવાનોની આકાંક્ષાઓને સંતોષી છે. આજની આ યોજનાની જાહેરાતને રાજ્યના યુવાનો, સમાજના શ્રેષ્ઠીઓ તેમજ અગ્રણીઓએ સહર્ષ આવકારી છે.

શ્રી ફળદુએ ઉમેર્યું હતું કે, સતત ગુજરાતને વિકાસના માર્ગ ઉપર દોડતું રાખવાની નેમ સાથે કાર્ય કરતી ગતિશીલ સરકારના આજના આ નિર્ણયને પ્રદેશ ભાજપાએ સમગ્ર રાજયમાં વધાવી લીધો છે.





# પેકેજની જાહેરાત થાય છે પણ અમલ થતો જ નથી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૨૪

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પહેલા યુવાનો પર અત્યાચાર કરવાના રાજયમાં અશાંતિ થાય, પછી મલમના રૂપ મશ્કરી કરવી તે ભાજપ સરકારની નિતિ છે. જે પેકેજ જાહેર કર્યું તે રાજકીય ગીમીક્સ છે.

ભૂતકાળમાં ભાજપ સરકારે જાહેર કરેલ હીરા, ધસુઓ માટે ૧૨૦૦ કરોડનું પેકેજ જેનો આજદિન સુધી અમલ થયો નથી. ૭૦૦ કરોડનું સોરાઠ વિકાસ પેકેજ ૧૬,૦૦૦ કરોડનું સાગર ખેડુતનું પેકેજ ૨૫,૦૦૦ કરોડનું વનબંધુ પેકેજ જેમાં આજે પણ લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. જિલ્લે-જીલ્લે જાહેર કરેલ પેકેજનો હિસાબ કરીએ તો રાજયના કુલ બજેટ કરતા પણ વધી જાય છે. કાગળ પરના પેકેજથી રાજયના યુવાનોનું ભલું થવાનું નથી. શરૂઆતથી જ ભાજપ સરકારની નિતી અને નિયત શંકાજનક છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારે જાહેર કરેલ પેકેજ મજાક સમાન છે. પ્રશ્નો ઉભા થાય તો સંવાદથી ઉકેલવાની આવડત રાજય સરકારમાં નથી.

ભાજપ સરકાર મનસ્વી રીતે નિર્ણયો કરે છે. આર્થિક માપદંડ અને આવકની મર્યાદા રાખી છે. તે રાજયના મોટા ભાગનાપરિવારોને અન્યાય કરતા છે. રાજયના નાના અને મધ્યવર્ગના ઉદ્યોગો જ વધુ રોજગારી આપે છે. પણ ભાજપ સરકાર મોટા ઉદ્યોગપતિઓ પાછળ દોડી રહી છે. સમાજના તમામ વર્ગના યુવાનો માટે આ આર્થિક પેકેજ સંપૂર્ણ પણે અન્યાય કરતા છે.